નં:-જીઆઈડીસી/જ.મે/વિત/પીઓએલ/૩૭(૪)૨૧/
તા. ૮/૯/૨૦૦૪.

<u>પરિપત્ર:-</u>

વિષય:- જીઆઈઆઈસી અને જીએસએફસી ધ્વારા હરાજી થયેલ એકમોના નવા ખરીદનારને પડતી મુશ્કેલીઓના નિવારણ બાબત.

ગુજરાત મૂડી રોકાણ નિગમ લી. (જીઆઈઆઈસી) તથા ગુજરાત રાજય નાંણાકીય નિગમ (જીએસએફસી) ધ્વારા જે ઔદ્યોગિક એકમોને ધિરાણ આપવામાં આવેલ છે તેવા એકમો ધિરાણની રકમના હપ્તા વ્યાજ ભરવામાં નિષ્ફળ જાય તો રાજય નાંણાકીય નિગમ એકટની કલમ-૯ હેઠળ સત્તાની રુઈએ ડીફોલ્ટર એકમોનો કબજો સંભાળી જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવે છે. આવી હરાજીથી એકમ ખરીદનારની તરફેણમાં તબદીલીની કાર્યવાહીમાં થતી મુશ્કેલીના નિવારણ સારુ રાજય સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક-જીએફસી (જીઆઈસી) ૧૦૨૦૦૩-૧૭૧૧-પી તા.૭/૨/૨૦૦૪ પ્રસિધ્ધ કરી કેટલીક માર્ગદર્શક સુચનાઓ જાહેર કરેલ છે. સદરહુ ઠરાવની નકલ આ સાથે મોકલવામાં આવેલ છે. નિગમની વસાહતમાં આવેલ આવા એકમોના કિસ્સામાં સદરહુ ઠરાવમાં જણાવેલ માર્ગદર્શક સુચનાઓ મુજબ કાર્યવાહી કરવાની આથી તમામ વિત રણ અધિકારીશ્રીઓને સુચના આપવામાં આવે છે.

આ પરિપત્ર મલ્યાની પહોંચ પાઠવવી.

બિડાણ:- ઉપર મુજબ.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જીઆઈડીસી, ગાંધીનગર.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.

<u>નકલ રવાના:-</u>
(૧) પ્રમુખશ્રી ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, અમદાવાદ.
(૨) તમામ વસાહત મંડળના પ્રમુખશ્રીઓ તરફ.

W. No. 1076
11/9/2004.

રવાના કર્યું,
મેનેજર(મહેકમ).

AMC (HQ)

H Q
1012
11/9/04

Shri Thakkar

ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિ. તેમજ
ગુજરાત રાજ્ય નાણાંકિય નિગમ દ્વારા હરાજી થયેલ
એકમોનાં નવા ખરીદનારને પડતી મુશ્કેલીઓનાં
નિવારણ બાબત.

ગુજરાત સરકાર.
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-જીએફસી(જીઆઈસી)૧૦૨૦૦૩-૧૭૧૧-પી,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 17 FEB 2004

સ્તા વ ના:-

ગુજરાત સરકાર હસ્તકના ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિ. અને ગુજરાત રાજ્ય ણાંકિય નિગમ ઔદ્યોગિક એકમોની સ્થાપના માટે મુદતી ધિરાણ કે અન્ય પ્રકારે ધિરાણ દ્વારા કમોને સહાયરૂપ બને છે. આ પૈકીના કેટલાંક એકમોનાં કિસ્સામાં ધિરાણની મુદ્દલ અને વ્યાજની કમની પુરેપુરી ચુકવણીમાં એકમ નિષ્ફળ જાય તો State Financial Corpration (SFC) ct ની કલમ-૨૯ હેઠળ મળેલ સત્તાની રૂઈએ એકમોનો કબજો સંભાળી જાહેર હરાજી દ્વારા નિગમો કી લેણાંની વસુલાત કરે છે. આ પ્રકારે વેચાણ થયેલ એકમ નવા ખરીદનારને બોજા મુક્ત મળવા ઇએ. પરંતુ, આ એકમોનાં અન્ય દેવા જેમકે ગુજરાત વિદ્યુત બોર્ડનાં બાકી લેણાં, વેચાણ વેરાના તાનાં વેચાણ વેરાનાં બાકી લેણાં, જી.આઈ.ડી.સી.ના શેડ અને મિલકતનાં બાકી લેણાં વગેરેની લ, વ્યાજ અને દંડનીય વ્યાજ વગેરેની રકમોની ઉઘરાણી નવા માલિકો પાસે કરવામાં આવે છે થવા વેચાણ વેરા ખાતું વિગેરે દ્વારા એકમોનાં બિલ્ડીંગ, મશીનરી તેમજ અન્ય મિલકત ઉપર ટાંચ ગેરે કાર્યવાહી કરવામાં આવે છે. જે નવા ખરીદનારને મુશ્કેલીમાં મુકે છે., અને તેઓ લાંબા સમય ી એકમને કાર્યરત કરી શકતાં નથી. આ પ્રકારની મિલકતો લાંબા સમય સુધી બિન ઉપયોગી પડી તે ઔદ્યોગિક વિકાસ માટે બાધારૂપ છે. વિશેષમાં, આ એકમોમાં સરકારના જ અન્ય લેણાંઓ કે કારી ખાતા અથવા બોર્ડ/નિગમના લેણાંઓ બાકી હોય છે, તે રીતે આમાં સરકારનું હિત સંકળાયેલ ય છે. આ કારણે આ પ્રશ્નનો ઉકેલ લાવવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા ળ હતી.

ઠ રા વ:-

પુખ્ત વિચારણાના અંતે, આથી સરકારશ્રી ઠરાવે છે કે :-

ગુજરાત રાજ્ય નાણાંકિય નિગમ અથવા ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ જે કેસોમાં સ્ટેટ ફાઇનાન્સીયલ કોર્પોરેશન એકટની કલમ-૨૯ હેઠળ મળેલ સત્તાની રૂઈએ તે નિગમોના બાકી લેણાંની વસુલાત માટે એકમોની જાહેર હરાજી કરે ત્યારે, જાહેર હરાજીમાંથી પ્રાપ્ત થયેલ રકમમાંથી જાહેર હરાજી માટે થયેલ ખર્ચની રકમ એકમની મિલકતની જાળવણી, નિભાવ કે સલામત માટે જો સબંધિત નિગમે ખર્ચ કર્યુ હોય તો તે, ખર્ચ હરાજીની રકમમાંથી વસુલવામાં આવશે.

હરાજીની ઉપજની બાકી રકમ ગુજરાત રાજ્ય નાણાંકિય નિગમ, ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ, ગુજરાત સરકારનું વેચાણવેરા ખાતું, ગુજરાત સરકારના વિદ્યુત શુલ્ક, પેટે વસુલ લેવાના લેણાં, ગુજરાત વિદ્યુત બોર્ડના લેણાં અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ વચ્ચે પ્રોરેટાના ધોરણે વહેંચવામાં આવશે. ઉક્ત દરેક સંસ્થા અથવા ખાતાની મુદ્દલ કે વેરાની બાકી અને વ્યાજની કુલ રકમને આધારે પ્રો રેટાના દર નિયત કરવામાં આવશે અને તે પ્રો રેટાના દરના ધોરણે હરાજીની રકમમાંથી ઉક્ત સંસ્થા કે ખાતાને ચુકવણી કરવામાં આવશે.

(૩) પેનલ્ટી પેટે કે દંડનીય વ્યાજ પેટે કોઇ ચુકવણી કરવામાં આવશે નહી. પેનલ્ટી અને દંડનીય વ્યાજનો સમાવેશ પ્રો રેટાની ગણતરીમાં કરવાનો રહેશે નહી.

(૪) જી આઇ.ડી.સી. ના કેસમાં જમીન, પ્લોટ કે શેડની મુદ્દલની બાકી લેણાંની રકમ ગણતરીમાં લેવાની રહેશે તેમાં નિભાવણી ખર્ચ કે અન્ય રકમ ધ્યાને લેવાની રહેશે નહી.

(૫) હરાજીમાંથી એકમ ખરીદનાર પાસેથી ઉક્ત સંસ્થાઓએ કે ખાતાએ અન્ય કોઇ રકમ વસુલવાની રહેશે નહી, અને હરાજીમાં ખરીદ કરેલ મિલકતો ઉપર સંસ્થા ખાતાનો કોઇ બોજો ટાંચ ચાલુ રહેશે નહી.

(૬) ઉક્ત સંસ્થાએ કે ખાતાએ નવા ખરીદનાર એકમ ચાલુ કરવા માટે શક્ય તેટલી મદદ કરવાની રહેશે.

(૭) હરાજી પહેલાના એકમના મૂળ માલિક પાસેથી હરાજીની તારીખ સુધીમાં વેચાણવેરાની જુની બાકી વસુલાતો વ્યાજ સહિત વસુલ કરવાની વેચાણવેરા ખાતાની સત્તા અબાધિત રહેશે. હરાજીમાંથી વેચાણવેરા પેટે ફાળે પડતી મળેલ રકમ આવી બાકી વસુલાત સામે મજરે લેવામાં આવશે. ગુજરાત વિદ્યુત બોર્ડને એકમના મૂળ માલિક પાસેથી જુની બાકી વસુલાતો વ્યાજ સહિત વસુલ લેવાની સત્તા અબાધિત રહેશે.

(૮) ઉક્ત વ્યવસ્થા ઠરાવની તારીખ પછી થનાર હરાજીના કેસોને લાગુ પડશે. અગાઉ નિર્ણિત થયેલ કેસો પુનઃ ઉખેડવાના રહેશે નહી.

આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૦-૧૦-૨૦૦૩ અને ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની તા.૦૧-૧૨-૨૦૦૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શોભના દેસાઇ)
નાયબ સચિવ,
ઉધોગ અને ખાણ વિભાગ.

<u>નકલ રવાના:-</u>

માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, બ્લોક નં.-૧, ૫મો માળ, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી (નાણાં)ના અંગત સચિવશ્રી, બ્લોક નં.-૧, ૬ઠો માળ, સચિવાલય, ગાંધીનગર.
માન. રા.ક.મંત્રીશ્રી (ઉધોગ)ના અંગત સચિવશ્રી, બ્લોક નં.-૨, ૭મો માળ, સચિવાલય, ગાંધીનગર.
માન. રા.ક.મંત્રીશ્રી (ઉ.અને પે.વિ.)ના અંગત સચિવશ્રી, બ્લોક નં.-૧, ૬મો માળ, સચિવાલય, ગાંધીનગર.
માન. મુખ્યસચિવશ્રીના અંગત સચિવશ્રી, બ્લોક નં.-૧, ત્રીજો માળ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી (ઉ. ખા. વિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી (ઉ. અને પે. વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઔધોગિક મૂડીરોકાણ નિગમ લિ., ઉધોગભવન, ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય નાણાંકિય નિગમ, ઉધોગભવન, ગાંધીનગર.
ઉપાધ્યક્ષ અને મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ, ઉધોગભવન, ગાંધીનગર.
કમિશનરશ્રી, વેચાણ વેરા ખાતું, અમદાવાદ.
ચેરમેનશ્રી, ગુજરાત વિદ્યુત બોર્ડ, વડોદરા.
અંગત ફાઇલ.
પસંદગી ફાઇલ.

BR mac